MGVCL

**ગુજરાત વિદ્યુતનિયમન આયોગ, છઠ્ઠો માળ, ગિફ્ટ વન, રોડ ૫-સી, ઝોન-૫, ગિફ્ટ સીટી, ગાંધીનગર- ૩૮૨૩૫૫ ની સમક્ષ**

# મધ્ય ગુજરાત વીજ કંપની લી.

## જાહેર વિજ્ઞપ્તિ

**નીચેના સંદર્ભ માં :**

ઉપરોક્ત અરજદાર મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, રજી. અને કોર્પોરેટર ઓફિસ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા-૩૯૦૦૦૭, દ્વારા કેસ નં. ૧૯૧૩/૨૦૨૦ થકી નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ સમક્ષ વર્ષ-૨૦૧૯-૨૦ ના ટ્રુ અપ, તથા વર્ષ-૨૦૨૧-૨૨ માટે વીજદર નક્કી કરવાની દરખાસ્ત ગુજરાત વિદ્યુત નિયમન આયોગ (બહુવર્ષીય ટેરીફ માળખું) વિનિયમ નો ૨૦૧૬ અંતર્ગત કરેલ છે.

**અરજદાર :**

મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ (એમજીવીસીએલ), રજી. અને કોર્પોરેટ ઓફિસ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા-૩૯૦૦૦૭ એ રાજ્ય ના મધ્ય ક્ષેત્રમાં વીજ વિતરણની કામગીરી સંભાળતી કંપની છે.

**દરખાસ્ત :**

કંપની દ્વારા બહુવર્ષીય વીજદર નિયમનો હેઠળ નાણાકીય વર્ષ-૨૦૧૯-૨૦ માટે નાં ટ્રૂ-અપ તથા વર્ષ-૨૦૨૧-૨૨ નાં વીજદર નક્કી કરવાની દરખાસ્ત કરેલ છે. વર્ષ-૨૦૨૧-૨૨ માટે હયાત વીજદર માં કોઈ ફેરફાર સૂચવેલ નથી. વર્ષ-૨૦૨૧-૨૨ ની આવક અંદાજવા માટે એફપીપીપીએ નો બેઝ રેટ રૂા.૧.૭૯ પ્રતિ યુનિટ આકારવા સૂચવેલ છે.

**સૂચનો/ વાંધાઓ રજૂ કરવાની માર્ગદર્શિકા :**

ઉપરોક્ત બાબતે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (કાર્ય સંચાલન અને વેપાર) જાહેરનામું ૨૦૦૪ની જોગવાઈની રૂએ આથી સંબંધીત વ્યક્તિઓ / સંસ્થાઓ વિગેરે પાસેથી ઉપરોક્ત દરખાસ્ત પરત્વે સૂચનો તથા વાંધાઓ મંગાવવામાં આવે છે, જે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગથી કચેરીમાં સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, છઠ્ઠો માળ, ગિફ્ટ વન, રોડ ૫-સી, ઝોન-૫, ગિફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫ને તા.૧૨-૦૨-૨૦૨૧ સુધીમાં પ્રમાણિત મુસદ્દા પ્રમાણે સોગંદનામું કરીને પાંચ નકલમાં મોકલી આપવાનાં રહેશે તથા તેની એક નકલ નીચે સહી કરનારને પહોંચતી કરવાની રહેશે. સૂચનો / વાંધાઓ નોંધાવનાર પક્ષકારોએ તેમની રજૂઆતો સાથે સંબંધીત પ્રમાણભૂત દસ્તાવેજો પણ રજૂ કરવાના રહેશે અને તેઓ રૂબરૂ રજૂઆત કરવા ઈચ્છે છે કે કેમ તે દર્શાવવાનું રહેશે.

**દરખાસ્તની નકલ મેળવવા માટે :**

ઉપરોક્ત દરખાસ્તની નકલો મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, રજી.અને કોર્પોરેટ ઓફિસ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા-૩૯૦૦૦૭ ની વડી કચેરીમાંથી મુખ્ય ઈજનેર પાસેથી અથવા તો મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડની અધિક્ષક ઈજનેર વર્તુળ કચેરીમાં રૂા.૨૦૦/- (રૂા.બસો પૂરા) પ્રતિ નકલ ભરપાઈ કરવાથી મળી રહેશે. ટપાલથી નકલ મેળવવા માટે નકલ દીઠ ટપાલ ખર્ચ પેટે રૂા.૫૦/- ( રૂા.પચાસ પૂરા) વધારાનાં સહિતની રકમ ડિમાન્ડ ડ્રાફ્ટથી મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડના નામે મોકલવાના રહેશે.

ઉપરોક્ત દસ્તાવેજો કંપનીની વેબસાઈટ www.guvnl.com તથા www.mgvcl.com ઉપરથી પણ મેળવી શકાશે.

તારીખ: ૧૩-૦૧-૨૦૨૧<br>
સ્થળ : વડોદરા

તુષાર ભટ્ટ (આઈ.એ.એસ.)<br>
એમડી (એમજીવીસીએલ)

ગુજરાત સમાચાર પાન નં-૬ તા-૧૩.૦૧.૨૧